દ.ગુજરાતમાં બીજા દિવસે પણ મેઘતાંડવ

ભારે વરસાદથી કામરેજ હાઈવે જામ..

■ સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં મંગળવારે પડેલા ભારે વરસાદને કારણે હાઈવે પર પાણી ભરાઈ જતાં ટ્રાફિક જામ થયો હતો.

સુરત જિલ્લામાં કામરેજમાં 16 ઈંચ અને પલસાણામાં 14 ઈંચ વરસાદ સાથે આખો જિલ્લો તરબોળ

રાજ્યમાં અનેક ડેમ એલર્ટ પર, સરદાર સરોવરમાં જળસંગ્રહ 65 ટકાને પાર

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ મંગળવારે ધમાકેદાર બેટિંગ કરતાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં અતિભારે વરસાદ વરસ્યો હતો. રાજ્યના કુલ 181 તાલુકાઓમાં સાંજે 6 વાગ્યા સુધી વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ સુરત જિલ્લાના કામરેજમાં 16 ઈંચ વરસાદ ખાબકતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

હવામાન વિભાગે આગામી 24 કલાક માટે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ એલર્ટ, જ્યારે અન્ય જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરતાં રાજ્ય સરકાર તથા આપત્તિ વ્યવસ્થાપન તંત્રને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યના કુલ 181 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં 4થી 16 ઈંચ સુધીનો વરસાદ ક્યાં થયો ?

1	કામરેજ	16.00 ઈંચ
2	પલસાણા	14.06 ઈંચ
3	સુરત સિટી	12.24 ઈંચ
4	નવસારી	10.31 ઈંચ
5	મહુવા	7.83 ઈંચ
6	જલાલપોર	7.76 ઈંચ
7	બારડોલી	7.52 ઈંચ
8	અંબિકા	6.81 ઈંચ
9	ડોલવણ	6.18 ઈંચ
10	સુબીર	5.51 ઈંચ
11	વાલોડ	5.16 ઈંચ
12	ગણદેવી	5.08 ઈંચ
13	ચીખલી	5.00 ઈંચ
14.	કપરાડા	5.00 ઈંચ
15	નાનાપોંઢા	4.25 ઈંચ
16	પારડી	4.02 ઈંચ

આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે રેડ એલર્ટ જાહેર

8 જુલાઈ માટે હવામાન વિભાગે સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી તથા દાદરા-નગર હવેલી અને દમણ ઉપરાંત સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે અરવલ્લી, ખેડા, નર્મદા, ભરૂચ, અમરેલી, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. 9 જુલાઈએ ડાંગ, નવસારી, વલસાડ અને દાદરા-નગર હવેલી માટે ઓરેન્જ એલર્ટ યથાવત રહેશે, જ્યારે 10થી 14 જુલાઈ દરમિયાન પણ દક્ષિણ ગુજરાતમાંહળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં 15 જિલ્લાઓમાં ભારે વરસાદથી સરકાર હાઈએલર્ટ પર

નાયબ મુખ્યમંત્રીએ પ્રભાવિત જિલ્લાઓના કલેક્ટર-એસપી સાથે તાત્કાલિક સમીક્ષા બેઠક યોજી

જ્યાં જરૂર ત્યાં એનડીઆરએફ - એસડીઆરએફ તૈનાત કરવા આદેશ

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં છેલ્લા 24 કલાક દરમિયાન થયેલા ભારેથી અતિભારે વરસાદને પગલે રાજ્ય સરકારે સમગ્ર વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર મૂકી દીધું છે. સંભવિત પૂર, પાણી ભરાવા અને અન્ય આપત્તિજનક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગરથી ઉચ્ચસ્તરીય વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. બેઠકમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે, નાગરિકોના જાનમાલની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જરૂર પડે ત્યાં વિલંબ વિના એનડીઆરએફ તથા એસડીઆરએફની ટીમો તૈનાત કરી જોખમી વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવે. રાજ્યના સુરત, નવસારી, વલસાડ, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, ડાંગ, તાપી, દાહોદ, પંચમહાલ, મહીસાગર, મહેસાણા, અમદાવાદ અને સુરેન્દ્રનગર સહિતના વરસાદથી પ્રભાવિત જિલ્લાઓના કલેક્ટરો, પોલીસ અધિક્ષકો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને મહાનગરપાલિકાના કમિશનરો સાથે સીધો સંવાદ સાધીને ગ્રાઉન્ડ ઝીરોની સ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. દરેક જિલ્લામાં વરસાદ, નદી-નાળા, નીચાણવાળા વિસ્તારો અને બચાવ કામગીરી અંગેનો તાજો અહેવાલ મેળવવામાં આવ્યો હતો. બેઠકમાં તમામ જિલ્લા વહીવટી તંત્રને 24 કલાક કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા, સતત મોનિટરિંગ કરવા અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ આપવા સૂચના અપાઈ હતી.

ઉકાઈમાં 31 હજાર ક્યુસેક પાણીની આવક સાથે સપાટી 311.96 ફૂટ

ઉપરવાસમાં વરસાદ યથાવત, ચોપડવાવમાં સૌથી વધુ 88 મીમી વરસાદ નોંધાયો

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસ વિસ્તારમાં છેલ્લા 24 કલાક દરમિયાન સાર્વત્રિકથી મધ્યમ વરસાદ નોંધાતા ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે.

વરસાદના આંકડા મુજબ ચોપડવાવમાં સૌથી વધુ 88 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે સાગબારામાં 79 મીમી, કાકડીમ્બામાં 70 મીમી અને ઉકાઈ ખાતે 57 મીમી વરસાદ નોંધાયો હતો. ઉપરાંત ગીરનામાં 48 મીમી, નવાથામાં 38 મીમી, દુસખેડામાં 37 મીમી, દહીગાવમાં 35 મીમી અને બુરહાનપુરમાં 31 મીમી વરસાદ નોંધાયો છે. અન્ય વિસ્તારોમાં ગોપાલખેડામાં 15 મીમી, ચાંદપુરમાં 14 મીમી, શીંદખેડામાં 12 મીમી તેમજ સાયગાવમાં 16 મીમી વરસાદ નોંધાતા સમગ્ર ઉપરવાસ વિસ્તારમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. ઉપરવાસમાં થયેલા વરસાદની અસર ઉકાઈ ડેમમાં પણ જોવા મળી રહી છે. હાલમાં હથનુર ડેમમાંથી 8,500 ક્યુસેક અને પ્રકાશા બેરેજમાંથી 3,000 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત ઉકાઈ ડેમમાં કુલ 31 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે, જેના કારણે ડેમના જળસ્તરમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. હાલમાં ઉકાઈ ડેમની સપાટી 311.96 ફૂટે પહોંચી ગઈ છે. ઉપરવાસમાં આગામી દિવસોમાં પણ વરસાદ ચાલુ રહે તો ડેમમાં પાણીની આવકમાં વધુ વધારો થવાની શક્યતા છે. સિંચાઈ વિભાગ દ્વારા ડેમની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને પાણીની આવક તેમજ જળસ્તરના આધારે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

પૂર્ણા 4 ફૂટે ઓવરફ્લો, નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોમાં ભારે ભય

જો પાણી વધે તો નવસારીમાં પૂરની સ્થિતિ થાય, દર વર્ષે પૂર્ણામાં પાણી વધે છે પરંતુ તેનો કાયમી ઉકેલ આવતો નથી

નવસારીઃ મંગળવારે રાત્રે 10 વાગ્યે નવસારીની પૂર્ણા નદીની સપાટી 27 ફૂટે પહોંચી ગઈ છે, જે 23 ફૂટની ભયજનક સપાટીથી 4 ફૂટ વધુ છે. ઉપરવાસમાં અવિરત વરસાદને કારણે નદીમાં પાણીની આવક યથાવત રહેતાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોની ચિંતા વધી રહી છે. મંગળવારે દિવસભર પડેલા ભારે વરસાદે શહેર અને જિલ્લાના અનેક વિસ્તારોમાં જનજીવનને પ્રભાવિત કર્યું છે. અનેક માર્ગો બંધ કરવા પડ્યા છે, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી ગયા છે અને કેટલાક પરિવારોનું સ્થળાંતર પણ કરવું પડ્યું છે. હવે પૂર્ણા નદીનું સતત વધી રહેલું જળસ્તર આગામી કલાકોને વધુ સંવેદનશીલ બનાવી રહ્યું છે. દર વર્ષે ચોમાસામાં પૂર્ણા નદી ભયજનક સપાટી વટાવે છે, રાહત અને બચાવ કામગીરી હાથ ધરાય છે, પરંતુ થોડા દિવસો બાદ આ સમગ્ર મુદ્દો વિસરાય જાય છે. પરિણામે આગામી ચોમાસામાં ફરી એ જ દૃશ્યો, એ જ મુશ્કેલીઓ અને એ જ પ્રશ્નો સામે આવે છે. પૂર નિયંત્રણ, વરસાદી પાણીના નિકાલ અને નદીકાંઠાના વિસ્તારોની સુરક્ષા માટે કાયમી આયોજન ક્યારે થશે, તે પ્રશ્ન આજે પણ યથાવત છે.

ચાંદીપુરા વાયરસને કારણે ગોધરામાં બે માસૂમનાં મોત

ગાંધીનગરઃ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વીંઝોલ અને જીતપુરા ગામના બે માસૂમ બાળકોના ચાંદીપુરા વાયરસથી મૃત્યુ થતાં રાજ્યનું આરોગ્ય તંત્ર હાઈ એલર્ટ પર આવી ગયું છે. બંને બાળકોના લેબોરેટરી રિપોર્ટમાં ચાંદીપુરા વાયરસની પુષ્ટિ થયા બાદ આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સર્વે, દવાનો સઘન છંટકાવ અને બચાવની કામગીરી શરૂ કરી છે. ગાંધીનગરમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી સમીક્ષા બેઠક દરમ્યાન મળતી માહિતી મુજબ , જ્યાં કેસ નોંધાયા છે ત્યાં તપાસ દરમિયાન 'સેન્ડ ફ્લાય' નામની માખીનું અસ્તિત્વ જોવા મળ્યું છે. આ માખી સામાન્ય રીતે કાચા મકાનોની તિરાડોમાં વસવાટ કરતી હોવાથી અસરગ્રસ્ત ગામોના તમામ ઘરો તથા આસપાસના વિસ્તારોમાં દવાનો સઘન છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે.

દક્ષિણ ગુજરાતમાં વરસાદે ક્યાં ખાનાખરાબી સર્જી?

દ.ગુ.માં વરસાદે સર્જેલી ખાનાખરાબી

- મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર પાણી ભરાયા
- સુરત કામરેજ રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ, વાહનોની લાંબી લાઈનો લાગી
- કામરેજ તાલુકાની અનેક સોસાયટીના ઘરોમાં પાણી ઘૂસ્યા
- સુરત આવતી એસટી બસોને કામરેજ બસ સ્ટેન્ડ પર થંભાવી દીધી
- પુણી અને ધામડોદ ગામમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા 72 લોકોનું રેસ્ક્યુ
- બારડોલી-નવસારી સ્ટેટ હાઈવે પર પાણી ભરાતા વાહનવ્યવહારને અસર
- બારડોલીની રાજીવનગરના ઘરોમાં પાણી ઘૂસ્યા, અનેક વિસ્તારો પાણીમાં ગરક
- કીમ ગામમાં રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા, રસ્તા પર ઘૂંટણસમા પાણી
- તાપી જિલ્લામાં અંબિકા, પૂર્ણા, ઓલણ સહિતની નદીઓ બે કાંઠે, 27 રસ્તા પ્રભાવિત
- બલેશ્વર ગામની બત્રીસગંગા ખાડીનું જળસ્તર ભયજનક સપાટીએ
- બલેશ્વર હાઈવે પર પાણી ભરાતા વાહનોની લાંબી કતાર લાગી
- સાયણ- શેખપુર રોડ પરથી પસાર થતી ખાડી પાણીથી ઉભરાતા રસ્તા ઉપર પાણી ફરી વળ્યા
- ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે વાલીયાના સીલુડી ગામમાં પૂર જેવી સ્થિતિ
- નવસારીમાં 16 કલાકમાં પોણા 15 ઈંચ વરસાદ
- નવસારીમાં 1,145 લોકોનું સ્થળાંતર, 4 હજાર ફૂટપેકેટનું વિતરણ
- પૂર્ણા નદી 4 ફૂટે ઓવરફ્લોઃ નવસારીમાં પાણી ઘૂસવાની શક્યતા
- નવસારીનું ચંદન તળાવ છલકાતાં વીજલપોરનાં 250 ઘરમાં પાણી ફરી વળ્યાં
- નવસારીના શાંતાદેવી વિસ્તારમાં દીવાલ ધરાશાયી
- વલસાડમા બામખાડીનો પુલ બંધ કરાતાં 10થી વધુ ગામો સંપર્ક વિહોણાં બન્યાં
- ઉમરગામ નજીક બોઈલર ગામમાં બે કાર પાણીમાં તણાઈઃ પાંચ લોકોનો બચાવ
- બોઈલરમાં પાણી ભરાતાં 10 લોકોનું સ્થળાંતર
- ધરમપુરનો યુવાન બાળકીને બચાવવા જતાં પાણીમાં તણાયો, ભાળ મળી નથી.
- ધરમપુરના વાંકલ અને આહવાના બીલમાડમાં બે કાચાં મકાન જમીનદોસ્ત
- ભુજ વિકલી ટ્રેનને બીલીમોરા રેલ-વે સ્ટેશન પર થંભાવી દીધી

અનુસંધાન... પાના છેલ્લાનું

સુરત શહેર...

અનેક વિસ્તારોમાં ઘરવખરી તરતી જોવા મળી હતી.

સવારથી શરૂ થયેલો વરસાદ આખો દિવસ ચાલુ રહેતા લોકો ભારે પરેશાન થયા હતા. કામકાજ અર્થે બહાર નીકળેલા લોકોને નિયત સ્થળે પહોંચવા માટે ભારે ચકરાવા મારવા પડ્યા હતા. સાથે સાથે ગાડીઓ રસ્તામાં બંધ પડતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં મોટા ભાગના મુખ્ય રસ્તાઓ તેમજ આંતરિક રસ્તાઓ પર પાણીનો ભરાવો થયો હતો. ક્યાંક ઘુંટણસમા તો ક્યાંક કમર સુધીના પાણી ભરાતા લોકોને ખુબ જ મુશ્કેલી થઈ હતી. સ્માર્ટ સિટી સુરત પાણી-પાણી થઈ ગયું હતું. શહેરના મુખ્ય માર્ગો નદીઓમાં ફેરવાઈ ગયા અને જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. મોટાભાગની સરકારી તેમજ ખાનગી ઓફિસોમાં પાંખી હાજરી જોવા મળી હતી. ભારે વરસાદને કારણે સ્કૂલ-કોલેજોમાં રજા આપી દેવામાં આવી હતી.

વરાછાથી માંડીને કતારગામ, ઉધના, લિંબાયત, રાંદેર, અડાજણ, પાલ, પુણા પાટિયાની સાથે સાથે વેસુ અને વીઆઈપી રોડ જેવા પોશ વિસ્તારોની હાલત ટાપુ જેવી થઈ ગઈ હતી. ભારે વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો જળમગ્ન થઈ જતા તેમજ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં સ્થાનિકો ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અને જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. બીજી તરફ, હવામાન વિભાગ દ્વારા હજુ પણ સુરત માટે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જેને પગલે શહેરમાં ગાજવીજ અને તીવ્ર પવન સાથે સતત વરસાદ વરસી રહ્યો હોવાથી તંત્ર હરકતમાં આવ્યું છે અને લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

ખાસ કરીને શહેરની મુખ્ય રસ્તા પર આવેલી દુકાનોમાં પણ પાણીનો ભરાવો થયો હતો જેના કારણે લોકોને નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. બેઝમેન્ટની દુકાનોમાં પાણી 50 ટકા જેટલા ભરાઈ જતા લોકોને માન સામાન પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. કલાકો સુધી પાણી ભરાઈ રહેતા લોકો પરેશાનીમાં મુકાયા હતા. દિવસભર મનપાની ટીમ, પોલીસ જવાનો લોકોની મદદમાં રહ્યા હતા પરંતુ કુદરતના જોર સામે સૌ કોઈ લાચાર નજરે પડ્યા હતા. મનપાના આઈસીસીસી (ICCC) સેન્ટર ખાતેથી મ્યુનિસિપલ કમિશનર દ્વારા શહેરની પળેપળની સ્થિતિ પર સીધી નજર રાખીને અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી, તેમજ ખાડીના લેવલમાં વધારો થતાં ચિંતા વધવાને કારણે જરૂર પડે વધુ સ્થળાંતર કરવા માટે ફાયરની ટીમોને હજુ પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

ટેરેસ પર...

હતું. લગ્નના માત્ર છ મહિનામાં જ બનેલી આ ઘટનાથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

મંગળવારે સવારે 6થી 8 કલાકનો વરસાદ

ઝોન	વરસાદ (મીમી)	ઈંચ
સેન્ટ્રલ	327	12.8
રાંદેર	262	10.48
કતારગામ	329	13.16
વરાછા એ	454	18.16
વરાછા બી	475	19
લિંબાયત	425	17
અઠવા	242	9.68
ઉધના	347	13.88

સોમવાર 8થી મંગળવાર 8 વાગ્યા સુધીનો 24 કલાકનો વરસાદ

ઝોન	વરસાદ (મીમી)	ઈંચ
સેન્ટ્રલ	350	13.77
રાંદેર	280	11.02
કતારગામ	345	13.54
વરાછા એ	463	18.22
વરાછા બી	500	19.68
લિંબાયત	436	17.16
અઠવા	269	10.59
ઉધના	397	15.62

વૃક્ષો પડવાના...

શહેરના તમામ ઝોન વિસ્તારની ફાયર બ્રિગેડની ટીમો સતત દોડતી રહી હતી. આ સિવાય સુરત શહેરમાં કુલ છ જેટલા ઇલેક્ટ્રીક શોર્ટ સર્કિટ તથા ત્રણ જેટલી મકાનની દીવાલો ધરાશાયી થઇ હતી અને 14 જેટલા વિસ્તારોમાં માથા સુધી પાણી ભરાઇ જતા હોડીનો બંદોબસ્ત મુકવાની ફરજ પડી હતી. જેના કારણે સતત ફાયર વિભાગ દોડતું રહ્યું હતું.

અગાઉ 2004માં...

દિવસમાં ૧૩.૦૧ ઈંચ રેકોર્ડબ્રેક વરસાદ પડ્યો હતો. એટલે કે 22 વર્ષ બાદ ફરી સુરતમાં એક જ દિવસમાં અધધધ... વરસાદ પડ્યો હતો.

જળબંબોળ-...

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભૂસ્ખલન અને ટ્રેકને નુકસાન થવાને કારણે મુંબઈ તરફ જતા મુખ્ય રેલ માર્ગ પર વ્યવહાર ખોરવાઈ ગયો હતો. મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને ઘણી ટ્રેનોને અધવચ્ચેથી જ પરત મોકલી દેવામાં આવી હતી, જ્યારે કેટલીક ટ્રેનોને વૈકલ્પિક માર્ગે રવાના કરાઈ હતી. મુસાફરોની હાલાકી ઓછી કરવા માટે રેલવે પ્રશાસન દ્વારા સ્ટેશનો પર સતત એનાઉન્સમેન્ટ કરવામાં આવી રહી છે અને હેલ્પ ડેસ્ક પણ સક્રિય કરવામાં આવી છે. ઘણી ટ્રેનોને સુરત, વાપી, દહાણુ રોડ અને સાવરકુંડલા જેવા સ્ટેશનો પર જ શોર્ટ-ટર્મિનેટ કરવામાં આવી હતી. જ્યારે વસઈ રોડ માર્ગ બંધ હોવાને કારણે લાંબા અંતરની ઘણી એક્સપ્રેસ ટ્રેનોને સુરત-પાલઘી-જલગાંવ-મનમાડ ડાયવર્ઝન રૂટ પરથી દોડાવવામાં આવી હતી.

કલાકો મોડી ચાલી રહેલી મુખ્ય ટ્રેનો

- જયપુર-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટઃ આશરે 5 કલાક મોડી
- પુણે-હઝરત નિઝામુદ્દીન દુરંતોઃ આશરે 6 કલાક મોડી
- મિરજ-બીકાનેર એક્સપ્રેસઃ 8 કલાકથી વધુ મોડી
- મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસઃ 3 કલાકથી વધુ મોડી

રેલવે દ્વારા રદ્દ કરવામાં આવેલી મુખ્ય ટ્રેનો

- 12010 અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ
- 19255 સુરત - મહુવા એક્સપ્રેસ
- 11092 પુણે - ભુજ એક્સપ્રેસ
- 11091 ભુજ - પુણે એક્સપ્રેસ (08જુલાઈ)
- 22924 જામનગર - બાંદ્રા ટર્મિનસ હમસફર એક્સપ્રેસ
- 22946 ઓખા - મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેઇલ (09 જુલાઈ)

રદ્દ થયેલી મેમુ લોકલ ટ્રેનો:

ટ્રેન નંબરઃ 69164, 69165, 69168, 69167, 69166, 69161, 69174, 69139, 61002 સંપૂર્ણપણે રદ્દ રહી હતી.

.સુરત-પાલઘર-જલગાંવ-મનમાડ વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કરાયેલી ટ્રેનો

- 22660 યોગનગરી એક્સપ્રેસ
- 20495 જોધપુર - હડપસર
- 19667 પેલેસ ક્વીન હમસફર
- 06282 અજમેર - મૈસૂર સ્પેશિયલ
- 22497 તિરુચિરાપલ્લી હમસફર
- 09029 વેલંકન્ની - દહાણુ રોડ સ્પેશિયલ
- 14805 યશવંતપુર - બાડમેર એક્સપ્રેસ

તમામ ST...

સુરત વિભાગના એસટી નિયામક પી. વી. ગુર્જરે જણાવ્યું હતું કે, સુરત શહેરના તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી બસોની અવરજવર માટે રસ્તાઓ સુરક્ષિત રહ્યા નથી. મુસાફરોની સલામતી અમારી સર્વોચ્ચ અગ્રિમતા છે, જેથી બસોને કામરેજ ટર્મિનસ ખાતે જ હોલ્ટ આપી દેવાયો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વહીવટી તંત્ર દ્વારા પાણીના નિકાલની કામગીરી ચાલી રહી છે, જેથી જેવા રસ્તાઓ પરથી પાણી ઉતરશે અને સ્થિતિ નિયંત્રણમાં આવશે, કે તરત જ તમામ રૂટની બસોનું ઓપરેશન ફરીથી રાબેતા મુજબ અને યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવશે. મુસાફરોને પણ વિનંતી છે કે તેઓ સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી બસ સ્ટેન્ડ પર ભીડ ન કરે અને સહકાર આપે.

સુરતમાં અતિભારે...

જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમારે જાહેર કરેલા પરિપત્ર મુજબ હવામાન વિભાગ દ્વારા તા. 8 જુલાઈએ સવારે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તેને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા વિસ્તાર, સુરત જિલ્લાની તમામ નગરપાલિકા વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે રજા જાહેર કરવામાં આવી છે. આ નિર્ણય તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓ ઉપરાંત જિલ્લાની તમામ આંગણવાડીઓ માટે પણ લાગુ પડશે. વિદ્યાર્થીઓના આવન-જાવન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી આ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.

થર્ડ યર એમબીબીએસની પરીક્ષા મોકૂફ

અતિભારે વરસાદની પરિસ્થિતિને કારણે તા. 8 જુલાઈ, 2026ના રોજ યોજાનારી થર્ડ યર એમબીબીએસ પાર્ટ-1ની કમ્યુનિટી મેડિસિન પેપર-1ની મોકૂફ રાખવામાં આવેલી આ પરીક્ષા હવે સોમવાર, તા. 13 જુલાઈ, 2026ના રોજ યોજાશે.

શહેર અને...

કાર્યક્ષેત્રમાં આવતા સુરત જિલ્લા બહારના વિસ્તારોની કોલેજોના આચાર્યોને પણ સ્થાનિક પરિસ્થિતિને આધારે વિદ્યાર્થીઓને રજા આપવા અંગે યોગ્ય નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી છે. વિશ્વવિદ્યાલયે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ કોલેજમાં પરીક્ષા ચાલી રહી હોય તો રજા અંગે નિર્ણય લેતા પહેલાં સંબંધિત યુનિવર્સિટી સાથે સંકલન અને પરામર્શ કરવો જરૂરી રહેશે. પરીક્ષા અંગે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી સૂચના મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

સુરતમાં ખાડીપૂર...

12 વાગ્યાના અરસામાં જ તેની 4.50 મીટરની ભયજનક સપાટી પાર કરી ગઈ હતી અને સાંજે તેનું લેવલ 5.30 મીટરે પહોંચ્યું હતું.

આ સાથે ઉધના વિસ્તારની ભેદવાડ ખાડી પણ તેની 7.20 મીટરની ભયજનક સપાટી તોડીને 9.20 મીટરની અત્યંત જોખમી સપાટીએ વહેતી થઈ હતી. આ બંને ખાડીઓ ઓવરફ્લો થતાં પાણીમાં ફસાયેલા અંદાજે 1200 થી વધુ નાગરિકોને મનપા દ્વારા તાત્કાલિક સલામત સ્થળે સ્થળાંતરિત કરાયા હતા, તેમજ કોઈ અકસ્માત ન સર્જાય તે માટે સીમાડા નાકા પાસે ખાડીને અડીને બેરિકેટ્સ ગોઠવી રસ્તો સુરક્ષિત કરાયો હતો. ખાડી કિનારાના વિસ્તારો પાસેના રસ્તા મનપા દ્વારા બંધ કરી દેવાયા હતા અને લોકોને વૈકલ્પિક રસ્તા પરથી જવા માટે અપીલ કરવામાં આવી હતી. તેમજ લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરાઈ હતી. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને પગલે સુરત મનપા દ્વારા તમામ ખાડીઓના લેવલ પર સતત 24 કલાક વોચ રાખવામાં આવી રહી છે.

વીજકરંટથી એક...

શહેરના વિવિધ વિસ્તારોમાં વીજ કરંટ લાગવાની અલગ-અલગ ઘટનાઓમાં કુલ છ લોકોના કરૂણ મોત થયા છે. મૃતકોમાં માત્ર છ વર્ષની માસૂમ બાળકીથી લઈને આધેડ સુધીનો સમાવેશ થતાં સમગ્ર શહેરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. મળેલી માહિતી મુજબભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વીજ થાંભલા, ખુલ્લા વાયર, ઈલેક્ટ્રિક સાધનો અને પાણી વચ્ચે સંપર્ક થતાં કરંટ ફેલાવાનો ભય વધી ગયો છે. પરિણામે સામાન્ય લોકો માટે રસ્તા પર નીકળવું પણ જોખમી બની રહ્યું છે. જ્યારે રાંદેરમાં બે મિત્રોના કરંટ લાગ્યા બાદ મોત થયા હતા. ત્યારબાદ આજે ચાર લોકોના મોત થયા હતા.

ઘટના-1...

ગ્રિલ પકડવા ગઈ હતી. ત્યારે તેને અચાનક વીજ કરંટ લાગતા ઢળી પડી હતી. અલીનાની અવાજ સાંભળીને પરિવારજનો દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું.

ઘટના-2...

તે ફ્રીજનું સ્વીચ બંધ કરવા જતા તેને વીજ કરંટ લાગ્યો હતો. બનાવને પગલે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટના-3...

ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. જ્યારે શાહિદ એક ભાઈ અને એક બહેન છે. તેની માતા કેટરિંગના કામ સાથે સંકળાયેલા છે. જેમા તે મદદરૂપ થતો હતો. તેના પિતા માર્કેટમાં કામ કરે છે.

પોલીસના જણાવ્યા મુજબ, કતારગામ ગજેરા સર્કલ નજીક લેક ગાર્ડન પાછળ આવેલા સુકન હાઈટ્સમાં રહેતા રાજન મિસ્ત્રી એમ્બ્રોઇડરીનું ખાતું ચલાવે છે. તેમના પત્ની રિશીતા (ઉ.વ.22) સાથે છ માસ પહેલાં જ લગ્ન થયા હતા. સોમવારે બપોરે શહેરમાં ભારે વરસાદ વરસી રહ્યો હતો. તે દરમિયાન રિશીતા એકલી જ વરસાદમાં નાહવા માટે ટેરેસ પર ગઈ હતી. આ દરમિયાન અચાનક તેના પર વીજળી પડી હતી. દરમિયાન ડાબા હાથ પરથી કોનીના ભાગેથી વીજળી નીકળી જતાં તે ગંભીર રીતે દાઝી ગઈ હતી અને ઢળી પડી હતી. પરિવારજનો તેમજ પડોશીઓને ઘટનાની જાણ થતાં તાત્કાલિક દોડી આવ્યા હતા અને તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી. લગ્નજીવનની શરૂઆતના માત્ર છ મહિનામાં જ બનેલી આ દુર્ઘટનાએ પરિવારને આઘાતમાં મૂકી દીધો છે. ઘટનાને પગલે કતારગામ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સચિનમાં પાણી...

સચિન જીઆઈડીસી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, સચિન રેલવે સ્ટેશન નજીક આવેલી મહાવીર સોસાયટીમાં રહેતા અનુજકુમાર ઠાકુર મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની 7 વર્ષની પુત્રી શ્રેયા નજીકની સરકારી શાળામાં ધોરણ-2માં અભ્યાસ કરતી હતી. મંગળવારે સવારે ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો ત્યારે શ્રેયા સોસાયટીના અન્ય બાળકો સાથે વરસાદમાં ન્હાવા અને રમવાની મજા માણી રહી હતી. આ દરમિયાન તેની સાથે રમતો 6 વર્ષનો ક્રિષ્ના પણ ત્યાં હાજર હતો. રમતાં રમતાં બંને બાળકો સોસાયટીમાં છઠ પૂજા માટે અગાઉ ખોદવામાં આવેલા અને વરસાદી પાણીથી સંપૂર્ણ ભરાઈ ગયેલા ઊંડા ખાડા પાસે પહોંચી ગયા હતા. પાણીથી ખાડો ઢંકાઈ જતાં તેની ઊંડાઈનો અંદાજ ન આવતા બંને બાળકો અચાનક તેમાં પડી ગયા અને ડૂબી ગયા. ઘટનાની જાણ થતાં જ સોસાયટીના લોકો દોડી આવ્યા અને બાળકોની શોધખોળ શરૂ કરી હતી. લાંબા સમય સુધી બાળકોનો કોઈ પત્તો ન લાગતાં સચિન જીઆઈડીસી પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં જ પીઆઈ કે. એ. ગોહિલ સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સ્થાનિક લોકો અને પોલીસની સંયુક્ત શોધખોળ બાદ આશરે એક કલાક પછી બંને બાળકોના મૃતદેહ પાણી ભરાયેલા ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

એમ્બ્યુલન્સ ન મળતા પોલીસે ખાનગી કારમાં મૃતદેહ હોસ્પિટલ પહોંચાડ્યા

ઘટનાના સમયે ભારે વરસાદને કારણે શબવાહિની સહિતની એમ્બ્યુલન્સ ઉપલબ્ધ ન હોવાથી પોલીસને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અંતે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં પોલીસે પોતાની ખાનગી કારમાં બંને બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. આ કરુણ ઘટનાએ વરસાદી મોસમ દરમિયાન ખુલ્લા અને પાણીથી ભરાયેલા ખાડાઓ કેટલા જોખમી બની શકે છે તે ફરી એકવાર ઉજાગર કર્યું છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારોમાં આવા ખાડાઓને સુરક્ષિત રીતે ઢાંકવાની અથવા તેની આસપાસ સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત સામે આવી છે.

વરાછામાં વૃક્ષ...

ત્રણ લોકો દબાઈ ગયા હતા. બનાવને પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માતમાં અરુણકુમાર તેમજ નરેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમણે અલગ અલગ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિને સામાન્ય ઈજા થઈ હતી. જેથી તે ઘરે ચાલ્યા ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

દુઃખદ અવસાન – બેસણું

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી
શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા (પૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર)
નું દુઃખદ અવસાન તા.૦૫-૦૭-૨૦૨૬, રવિવારના રોજ થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું : તા.૧૨-૦૭-૨૦૨૬, રવિવારના રોજ
સમય બપોરે ૧૨:૦૦ થી ૦૪:૦૦ સુધી રાખેલ છે.
સ્થળ : શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ કેમ્પસ, તારાપુર રોડ, મુ.પો.તા.જેતપુર પાવી, જી.છોટાઉદેપુર - ૩૯૧૧૫૦.

લી. પર્વતભાઈ ગમજીભાઈ રાઠવા
રણજીતસિંહ મોહનસિંહ રાઠવા (ડિરેક્ટર - બરોડા ડેરી, પૂર્વ પ્રમુખ - વડોદરા જી.પંચાયત)
રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (ધારાસભ્યશ્રી - ૧૩૭ - છોટાઉદેપુર વિધાનસભા)
જીતેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (કો- ઓર્ડીનેટર - વનવાસી સેવા સમાજ ટ્રસ્ટ)
ચંદ્રિકાબેન રણજીતસિંહ ચૌહાણ (પુત્રી-જમાઈ)
નિરવસિંહ આર. રાઠવા, કશ્યપ આર. રાઠવા, યુવરાજ જે. રાઠવા
લોકેશનમાટે
રાઠવા પરિવારના સૌને પ્રણામ